: રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, સબ-રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરાના મોજે ગામ સમા, તા.જી.વડોદરા **"ANEE ICONIC"** નામની યોજનાના ટાવર .......... માં .........ફ્લોર પર આવેલ ફ્લેટ/દુકાન/ઓફીસ નં............., વાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ રૂા....................../- અંકે રૂપિયા ............................. પુરાનો :

આજ રોજ સંવત ૨૦૭૭ ના આસો સુદ ને વાર, તારીખ : .૨૦૨૧ ના રોજ

આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર / વેચાણ રાખનાર / એકતરફવાળા :

શ્રી ..........................................................., ઉ.વ.આ........., ધંધો : ............., રહેવાસી, .............................................................................................

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "તમો" અથવા વેચાણ દસ્તાવેજ "લખાવી લેનાર, વેચાણ રાખનાર, એકતરફવાળા" એ રીતે સંબોધવામાં આવશે, જે શબ્દના અર્થમાં વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર એકતરફવાળા પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો, એસાઇનીઓ, નોમીનીઓ, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

જોગ આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર- જમીન માલિકો / વેચાણ આપનાર / બીજીતરફવાળા :

શ્રી મનોજભાઇ પ્રેમજીભાઇ પ્રજાપતિ, ઉ.વ.આ.૪૦, ધંધો : વેપાર, રહેવાસી, ૧૦, રવિરાજ સોસાયટી, સમા રોડ, વડોદરા, ગુજરાત. આધાર નં.૨૯૪૭ ૯૭૫૯ ૦૦૬૭. **Pan No.ADJFS3258A.**

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "અમો" અને અથવા "લખી આપનાર, વેચાણ આપનાર, બીજીતરફવાળા" એ રીતે સંબોધવામાં આવશે, જે શબ્દના અર્થમાં વેચાણ દસ્તાવેજ લખી આપનાર, વેચાણ આપનાર બીજીતરફવાળા પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો, એસાઇનીઓ, નોમીનીઓ, એટોર્નીઓ, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

સંમતી આપનાર/ ડેવલોપર્સ / ત્રીજીતરફવાળાઓ :

શ્રી સાંઇ ડેવલોપર્સ જેનો **Pan No.AEDFS8740N** છે, એ નામની ભાગીદારી પેઢી વતી અને તર્ફે વહીવટકર્તા ભાગીદાર - અરૂણાબેન મહેન્દ્રભાઇ પરમાર, ઉ.વ.આ.૪૧, ધંધો : વેપાર, રહેવાસી, ઠે.સી/૨૨, વ્રજધામ સોસાયટી, ટી.પી.૧૩, છાણી જકાતનાકા, વડોદરા, ગુજરાત. આધાર નં.૮૭૯૦ ૪૭૭૯ ૨૯૧૯.

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં ડેવલોપર્સ / ત્રીજીતરફવાળા એ રીતે સંબોધવામાં આવશે, જે શબ્દના અર્થમાં ડેવલોપર્સ - ભાગીદારી પેઢીના હાલના તેમજ વખતોવખતના ભાગીદારો પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઇનીઓ, ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.

જોગ આ વેચાણ દસ્તાવેજ અમો લખી આપનાર બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળા સંયુકત રીતે તમો એકતરફવાળાને અમારી રાજીખુશીથી લખી આપીએ છીએ કે :-

અમો લખી આપનાર બીજીતરફવાળાની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાની મિલકત - શ્રી ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ વડોદરાના મોજે ગામ સમા, તા.જી.વડોદરાની સીમના રેવન્યુ સર્વે નં.૨૨૨ પૈકી ૨, જેનું ક્ષેત્રફળ ૧૪૮૦.૦૦ ચો.મી. વાળી બીન-ખેતીની જમીન જેનો સમાવેશ ટી.પી. સ્કીમ નં.૨ (વુડા) માં થતા તેને ફાઇનલ પ્લોટ નં.૬૦/૧ ફાળવવામાં આવેલ છે, તે ફાઇનલ પ્લોટ પૈકી પશ્ચિમ દિશા તરફની જમીન જેનું ક્ષેત્રફળ ૭૪૦.૦૦ ચો.મી. (જેને મંજુર થયેલ નકશામાં પ્લોટ નં.બી તરીકે દર્શાવવામાં આવેલ છે) વાળી બીન-ખેતીની જમીન. જેને હવે પછી અહી આ વેચાણ દસ્તાવેજમાં "સદરહુ જમીન" તરીકે સંબોધવામાં આવશે. સદરહુ જમીન અમો લખી આપનાર બીજીતરફવાળાની સ્વતંત્ર માલિકી, કબજા ભોગવટાની છે.

સદરહુ જમીન અમો લખી આપનાર બીજીતરફવાળાની વડીલોપાર્જીત વારસાગત સ્વતંત્ર, કબજા, ભોગવટા અને માલીકીની જમીન આવેલ છે, અને અમો બીજીતરફવાળાનું નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ છે. અને અમો લખી આપનાર બીજીતરફવાળા સદરહુ મિલકત/જમીનના સ્વતંત્ર, માલિક, કબજેદાર, ભોગવટેદાર બનેલા છીએ અને અમો બીજીતરફવાળાને સદરહુ મિલકતનો વેચાણ, વ્યય કરવાનો સંપૂર્ણ હકક, અધિકાર અને સત્તા છે.

અમો બીજીતરફવાળાએ સદરહુ જમીન ડેવલોપ કરવા માટે ત્રીજીતરફવાળાને તા.૧૩.૧૦.૨૦૨૦ ના રોજ ડેવલોપમેન્ટ કરાર લખી આપેલ છે, જે વડોદરા સબ રજીસ્ટ્રાર સમક્ષ જેનો રજીસ્ટ્રેશન નં.૪૦૭૪ છે, સદર જમીનના અમો સદર વેચાણ દસ્તાવેજ લખી આપનાર બીજીતરફવાળા જમીનમાલિકોના નામે મંજુર થયેલા લે-આઉટ પ્લાન તથા બિલ્ડીગ પ્લાન મુજબ સદરહું જમીનમાં ડેવલોપમેન્ટનું કાર્ય શ્રી સાંઇ ડેવલોપર્સ તેઓએ તા.૧૩.૧૦.૨૦૨૦ ના રોજ કરેલ ડેવલોપમેન્ટ

કરારની શરતોને આધીન કરેલ છે તથા સદર વેચાણ દસ્તાવેજમાં તેઓ ડેવલોમેન્ટ ખર્ચનો અવેજ સ્વીકારતા હોય તેઓએ સંમતી આપનાર પક્ષકાર તરીકે સામેલ થઇ સહી કરી આપેલ છે. તેથી તેઓને આ વેચાણ દસ્તાવેજમાં ત્રીજીતરફવાળા તરીકે સામેલ કરેલ છે.

"સદરહું જમીન" માં બાંધકામ કરવા માટે અમો લખી આપનાર બીજીતરફવાળાએ ધારા-ધોરણસર જરૂરી લે-આઉટ અને બિલ્ડીગ પ્લાન નકશા તૈયાર કરી વડોદરા મહાનગર પાલીકામાં જરૂરી બાંધકામની પરવાનગી મેળવવા રજુ કરતા, વડોદરા મહાનગર પાલીકાના નાયબ નગરવિકાસ અધિકારીએ વિકાસ-પરવાનગી / રજાચિઠ્ઠી નં.વોર્ડ-૭/૩૯/૨૦૨૦-૨૦૨૧, તા.૨૦.૦૮.૨૦૨૦ થી મંજુર કરી બાંધકામ કરવાની પરવાનગી આપેલ છે, જે યોજનાનું નામ **"ANEE ICONIC"** રાખવામાં આવેલ છે. જેમાં બેઝમેન્ટ માં પાર્કીંગ તથા ગ્રાઉન્ડ ફ્લોર પર દુકાનો તથા ફર્સ્ટ ફ્લોર પર ઓફીસ પાછળના ભાગમાં ફ્લેટો અને સેકન્ડ ફ્લોર થી સેવન્થ ફ્લોર સુધી રહેણાંક હેતુના ફ્લેટોનું આયોજન કરવામાં આવેલ છે.

સદરહુ રેવન્યુ  સર્વે નંબર વાળી જમીનનો બિનખેતીનો વાપર ઉપયોગ કરવાની પરવાનગી મે.કલેકટરશ્રી, વડોદરાનાએ તેઓના હુકમ હુકમ ક્રમાંક નં.એન.એ. / એસ.આર. / ૧૧૦૮ /૨૦૧૫-૨૦૧૬, નં.જમીન/ડી/કલમ-૬૫/વશી/૧૨૨૭/૧૬, તા.૨૫.૦૨.૨૦૧૬ થી આપેલ છે.

સદરહું ઉપરોક્ત મુજબ બાંધકામ કરવામાં આવેલ **"ANEE ICONIC"** નામની યોજનાના ટાવર............ માં ............... ફ્લોર પર આવેલ ફ્લેટ/દુકાન/ઓફીસ નં............., જેનું બાંધકામનુ ક્ષેત્રફળ ............. ચો.મી. કાર્પેટ તથા એટેચ્ડ બાલ્કનીનું ક્ષેત્રફળ ............. ચો.મી. તથા વોશ એરીયાનું ક્ષેત્રફળ.................. ચો.મી. તથા સદર ફ્લેટને વરાડે પડતી વણ-વહેંચાયેલ રોડ-રસ્તા, કોમન પ્લોટ તથા કોમન જમીનનું ક્ષેત્રફળ ............ ચો.મી. વાળી મિલકત (જેની વિશેષ વિગત હવે પછી અહી મિલકતના પરિશિષ્ટમાં દર્શાવેલ છે) તમો એકતરફવાળાએ વેચાણ રાખવા માંગણી કરતા અમો લખી આપનાર બીજીતરફવાળાઓએ વેચાણ આપવા ઇચ્છા, રાજી-ખુશી દર્શાવતા તમો એકતરફવાળાને રૂા............................../- અંકે રૂપિયા ........................................................................ પુરામાં વેચાણ આપેલ છે, જેને હવે પછી અહી આ વેચાણ દસ્તાવેજમાં "સદરહું મિલકત" તરીકે સંબોધવામાં આવેલ છે. જેના વેચાણ અવેજની રકમ રૂા......................../- અંકે રૂપિયા .................................................. પુરા તમો એકતરફવાળા તરફથી અમો લખી આપનારાઓને નીચેની વિગતે મળી ગયેલ છે, જે વેચાણ

અવેજની રકમ મળ્યાની અમો લખી આપનારાઓ આ સ્વીકૃતિ પહોંચ તમો એકતરફવાળાને લખી આપીએ છીએ.

<u>વેચાણ અવેજ મળ્યાની વિગત</u>

| | |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |

સદરહું વિગતે "સદરહું મિલકત" ના વેચાણ અવેજની સંપૂર્ણ રકમ તમો એકતરફવાળા તરફથી અમો લખી આપનાર બીજીતરફવાળાને મળ્યાની અમો આ સ્વીકૃતી પહોંચ લખી આપીએ છીએ અને બદલામાં અમારી માલીકીની "સદરહું મિલકત" (વિશેષ વિગત મિલકતના વર્ણન પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ) તેના તમામ પ્રકારના હકક, અધિકાર, શરતો સાથે તમો એકતરફવાળાને વેચાણ લખી આપી તમો એકતરફવાળાને "સદરહું મિલકત" ના સ્વતંત્ર માલીક, હકકદાર, કબજેદાર બનાવેલ છે, અને "સદરહું મિલકત" નો ખાલી, શાંત, પ્રત્યક્ષ કબજો તમો એકતરફવાળાને અમો બીજીતરફવાળાએ સુપ્રત કરી આપેલ છે, જે ખાલી, શાંત, પ્રત્યક્ષ કબજો, સ્થળે તમો એકતરફવાળાએ સંભાળી લીધેલ છે.

તમો એકતરફવાળાને વેચાણ આપેલ "સદરહું મિલકત" આ વેચાણ દસ્તાવેજ આધારે તમો એકતરફવાળાએ તમારા ખર્ચે સરકારી, અર્ધ-સરકારી કચેરી, વડોદરા મહાનગર સેવા સદનમાં વેરા દફતરે, સીટી-સર્વે કચેરી, રેવન્યુ રેકર્ડમાં, એમ.જી.વી.સી.એલ. કચેરીના વિદ્યુત જોડાણમાં તમારા નામે તમારા ખર્ચે દાખલ કરી લેવાની છે. આ માટે જયાં જયાં અમો બીજીતરફવાળાની સહી, કબુલાતની જરૂર હોય તે અમો લખી આપનાર બીજીતરફવાળાએ કરી આપવાની છે.

સદરહું "ANEE ICONIC" બિલ્ડીગ આર.સી.સી., ફ્રેમ-સ્ટ્રકચર સીસ્ટમથી બાંધેલ હોય સદર બિલ્ડીગના આર.સી.સી. ફ્રેમ-સ્ટ્રકચર, બીમ, કોલમ, દરેક ફલોરની ઉપરની તથા નીચેની છતો (સીલીગ), કોમન દાદરો, કોમન દીવાલો, વણ-વહેંચાયેલી જમીન, ગ્રાઉન્ડ ફલોર તથા ઓવરહેડ પાણીની ટાંકીઓ, બોરવેલ, લીફટ તથા અન્ય સામુહીક વપરાશની ચીજ વસ્તુઓ તમો એકતરફવાળાએ તથા બિલ્ડીગના અન્ય ફલેટ માલિકીનો સામુહીક અને વણવહેચાયેલી રહેશે અને

સદર તમામ સામુહીક સુવિધાનો ઉપયોગ, ઉપભોગ તમામ ફ્લેટ માલિકોએ સંપ-સહકારથી મજીયારો ભેગા મળીને કરવાનો છે તથા તેનો રીપેરીગ સમારકામ, મેઇનટેન્સ વિગેરે ખર્ચ આવે તે તમો એકતરફવાળાએ તમારી મિલકતના ક્ષેત્રફળના હિસાબે વરાડે પડતા ભોગવવાના રહેશે.

તમો એકતરફવાળાને વેચાણ આપેલ સદરહુ મિલકતના બહારના ભાગે કોમન પેસેજમાં કોઇપણ પ્રકારના દાબ-દબાણ કે અડચણો રાખવાના નથી કે ઉભા કરવાના નથી અને બિલ્ડીગના એલીવેશનમાં કોઇપણ પ્રકરનો ફેરફાર કરવાનો નથી. તેમજ બિલ્ડીગના સ્ટ્રકચરને કોઇપણ પ્રકારનુ નુકશાન થાય તેવુ કૃત્ય કરવાનુ નથી કે ફેરફાર કરવાનો નથી, જેની તમો એકતરફવાળા કબુલાત લખી આપો છો.

સદરહુ આખી યોજનાનુ નામ “ANEE ICONIC” રાખેલ છે તે કાયમ માટે રહેશે, તે નામમાં તમો એકતરફવાળા તથા અન્ય કોઇપણ સભાસદોએ કોઇપણ પ્રકારનો ફેરફાર બીજીતરફવાળાની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય કરી શકશે નહી.

સદરહુ મિલકત બાબતના તમામ ટાઇટલ અમો એકતરફવાળાએ ચકાસી લીધેલ છે, અને ભવિષ્યમાં સદરહુ મિલકતના ટાઇટલ સબંધે કોઇપણ પ્રકારનો વાંધો, તકરાર કરવાના રહેશે નહિ.

તમો એકતરફવાળા તથા અન્ય ફ્લેટોના મેમ્બરોએ ભેગા મળી સદરહુ “ANEE ICONIC” બિલ્ડીગના વહીવટ તથા વ્યવસ્થા-મેઇન્ટેનન્સ માટે જે કોઇ એશોસીએશન/ સોસાયટી અથવા મંડળ વિગેરેનું આયોજન કરી સ્થાપના કરો તેમાં તમો એકતરફવાળાએ ફરજીયાત સભાસદ થવાનુ છે જે અંગેની પ્રવેશ ફી, સભ્ય ફી, વાર્ષિક ફી કે લાગત, ડીપોઝીટ ભરવાની જે રકમ નકકી થાય તે તમો એકતરફવાળાએ ભરવાની છે, તેમાં તમો એકતરફવાળાએ કોઇપણ પ્રકારનો વાંધો તકરાર કરવા કરાવવાના નથી.

તમો લખાવી લેનાર એકતરફવાળાને વેચાણ આપેલ સદરહુ મિલકત અમો લખી આપનાર બીજીતરફવાળાની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની સ્વપાર્જીત કમાણીની છે, જેમા અમારા સિવાય બીજા કોઇપણ ત્રાહીત વ્યકિત કે અન્ય કોઇપણનો લાગ, ભાગ, હકક, હીત, હિસ્સો, સંબધ કે દર-દાવો નથી તેમજ અમોએ અન્ય કોઇને ગીરો, બક્ષીસ, બાનાખત,  વેચાણ કે અન્ય કોઇપણ રીતે ટ્રાન્સફર કરેલ નથી તેમજ કોઇપણ બેંકનું, સંસ્થાનુ, સહકારી મંડળીનું, સરકારી, અર્ધસરકારી

કચેરીનું વ્યક્તિગત વિગેરે કોઇપણ જાતના કર, બોજ કે લીયન નથી કે મોર્ગેજ કરેલ નથી અને સદરહુ મિલકત સંપુર્ણ બોજા મુક્ત તથા કલીયર માર્કેટેબલ ટાઇટલ વાળી છે, તેમજ સદર મિલકત અંગે કોઇપણ કોર્ટમાં કોઇપણ પ્રકારની કાનુની કાર્યવાહી ચાલતી નથી, કે જપ્તીમાં નથી તેવો પાકો ભરોસો અને વિશ્વાસ લખી આપી તમો લખી લેનાર એકતરફવાળાને હંમેશ માટે વેચાણ આપી માલિકી દરજ્જે ટ્રાન્સફર કરી આપેલ છે જે તમો લખી લેનાર એકતરફવાળા, તમારા વંશ, વાલી, વારસો, વિગેરે યાવતચંદ્ર દિવાકરો સુખથી ભોગવજો, વસજો, વસાવજો તથા ઉપયોગ, ઉપભોગ, ભોગવટો નિકાલ, ગીરો, બક્ષીસ વેચાણ કે મન ચાહે તે રીતે ટ્રાન્સફર કરવા / કરાવવા માલીક થયા છો. જેથી સદરહુ તમો એકતરફવાળાને વેચાણ આપેલ મિલકતમાં અમો બીજીતરફવાળાનો કે અમારા વંશ, વાલી, વારસો, એર્ટનીઓનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો માલિકી રહ્યા નથી.

: વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ મિલકતનું વર્ણન - પરિશિષ્ટ :

શ્રી ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા સબ-રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા ના મોજે ગામ સમા, તા.જી.વડોદરાની સીમના રેવન્યુ સર્વે નં.૨૨૨ પૈકી ૨, જેનું ક્ષેત્રફળ ૧૪૮૦.૦૦ ચો.મી. વાળી બીન-ખેતીની જમીન જેનો સમાવેશ ટી.પી. સ્કીમ નં.૨ (વુડા) માં થતા તેને ફાઇનલ પ્લોટ નં.૬૦/૧ ફાળવવામાં આવેલ છે, તે ફાઇનલ પ્લોટ પૈકી પશ્ચિમ દિશા તરફની જમીન જેનું ક્ષેત્રફળ ૭૪૦.૦૦ ચો.મી. (જેને મંજુર થયેલ નકશામાં પ્લોટ નં.બી તરીકે દર્શાવવામાં આવેલ છે) વાળી બીન-ખેતીની જમીનમાં મંજુર થયેલ નકશા મુજબ બાંધવામાં આવેલ "ANEE ICONIC" નામની યોજનાના ટાવર............. માં ................ ફલોર પર આવેલ ફલેટ/દુકાન/ઓફીસ નં............., જેનું બાંધકામનુ ક્ષેત્રફળ ............. ચો.મી. કાર્પેટ તથા એટેચ્ડ બાલ્કનીનું ક્ષેત્રફળ ............. ચો.મી. તથા વોશ એરીયાનું ક્ષેત્રફળ.................. ચો.મી. તથા સદર ફલેટને વરાડે પડતી વણ-વહેંચાયેલ રોડ-રસ્તા, કોમન પ્લોટ તથા કોમન જમીનનું ક્ષેત્રફળ ............ ચો.મી. વાળી મિલકતઆ દસ્તાવેજ થી વેચાણ આપેલ છે. સદરહું મિલકત ની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

ઉપરોક્ત ચર્તુ:સીમા, ખુંટ વચ્ચે આવેલ સદરહુ મિલકત તેમાં આવેલ તમામ પ્રકારના જોડાણો સાથે, અસલ માપ, હદ, દીશા, હકક મુજબ તેને લગતા વળગતા જવા, આવવાના ચાલ નીકાલના હવા, અજવાળા, ઈજમેન્ટ તથા તમામ વ્યવસ્થા, હકક, હીત સબંધ સાથે  તથા ભવિષ્યમાં રિધ્ધિ-સિધ્ધિ સાથે, અષ્ટમ સિધધ નવ-નિધિ જે પ્રગટ થાય તે સાથે યાવતચંદ્ર દિવાકરો તમો એક તરફવાળાને વેચાણ આપેલ છે.

સદરહું મિલકત તમો એકતરફવાળાએ જાતે સ્થળ તપાસ કરીને બાંધકામ ચકાસેલુ છે અને તેનાથી તમોને સંતોષ થયેલ છે. જેથી ભવિષ્યમાં બાંધકામ બાબતે કોઇ તકરાર તમો લખી લેનાર એકતરફવાળા ઉભી કરશો નહી તેવી બાંહેધરી તમો એકતરફવાળાએ અમો લખી આપનારાઓને આપેલ છે.

આ એપાર્ટમેન્ટના યુનિટ ધારકો જો કોઇ એસોસીએશન કે મંડળની રચના કરે તો તેમાં તમારે ફરજીયાત સભ્ય થવાનું છે. અને તેના નિયમોનું પાલન કરવાનું રહેશે તથા એસોસીએશનના નિયમોનો પણ તમારે અમલ કરવાનો છે. ઉપરાંત દરેક સભાસદ સાથે સહકારની ભાવનાથી રહેવાનું છે. આ એપાર્ટમેન્ટમાં મુકેલ પાણી ઉપર ચઢાવવાની ઇલેક્ટ્રીક મોટર, લીફટથી થતાં વપરાશનું બીલ તથા વીજળી ઉપકરણોના મેઇન્ટેનન્સ તથા બીલ્ડીગના કોમન પેસેજની સાફ-સુફી વિગેરેનો કોમન જે ખર્ચ તથા જે કાંઇ મેઇન્ટેનન્સ ખર્ચ તેમજ સભાસદ તરીકેની ફી તેમજ એસોસીએશન નક્કી કરે તે લાગતો તમામ સભાસદોએ સહીયારો કરવાનો છે અથવા સૌ ભેગા મળીને બનાવેલ એસોસીએશન જે નક્કી કરે તે રીતે કરવાનો છે.

આ મિલકતની બૉરીગ, લીફટ વિગેરે સુવિધાઓ સહીયારી રહેશે તથા આ મિલકતમાં ઉપર જે પાણીની ટાંકી બનાવવામાં આવે તે પણ ઉપર નીચેવાળા બધાની સહીયારી રહેશે અને તેનો તમામ પ્રકારનો મેઇન્ટેનન્સનો ખર્ચ બધાને વરાડે પડતો પોત- પોતાના હીસ્સે આવતો ભોગવવાનો છે.

સદર મિલકતનો જે નકશો મંજુર કરેલો છે તેના એલીવેશનમાં કોઇપણ સુધારો વધારો કે ફેરફાર કરવાનો નથી તથા સદરહું બીલ્ડીગના સ્ટ્રકચર સેફટીને અસર કરે તેવી રીતે પણ કોઇ ફેરફાર સ્ટ્રકચર એન્જીનીયરની લેખીત પરવાનગી સિવાય કરવો નહી. અમો વેચાણ આપનાર જે તે

પ્રમાણે વેચાણ કરીએ તે રીતે તેનો વાપર, ઉપયોગ કરવાનો છે. તેમાં બીજા કોઈ સભ્યોએ વાંધો લેવાનો નથી કે તકરાર કરવાની નથી.

સદર બીલ્ડીગ ભવિષ્યમાં કુદરતી આફતથી પડી જાય તેવા સંજોગોમાં દરેક સભાસદે ભેગા મળી સહીયારા ખર્ચે સદરહું બીલ્ડીગનુ ફરીથી બાંધકામ કરી શકશે.

તમોએ વેચાણ આપેલી મિલકતની આજુબાજુના પેસેજ, દાદર અને પાર્કીગ વિગેરેમાં ગંદકી થાય કે કોઈને અડચણરૂપ થાય તેવુ કોઈ કૃત્ય કરવાનું નથી. તમોને વેચાણ આપેલ મિલકતમાં સરકારી કાયદા વિરૂધ્ધ કોઈ માલસામાન રાખવાનો નથી કે તેવો કોઈ ધંધો કરવાનો નથી તથા સળગી ઉઠે તેવો કોઈ સ્ફોટક પદાર્થ રાખવાનો નથી.

તમોને વેચાણ આપેલી મિલકતના દાદર, પેસેજ, પાર્કીગ તથા રસ્તા બીલ્ડીગના મેઈન્ટેનન્સ અંગે જે કોઈ ખર્ચ થાય તે બધાંયે સહીયારો આપવાનો રહેશે. સદર બિલ્ડીગમાં સિકયુરીટી અંગે કોઈ સિકયુરીટી ગાર્ડ રાખવામાં આવે તેનો પગાર વિગેરેનો ખર્ચ બધાંએ વરાડે પડતો આપવાનો છે તે પ્રમાણે તમારે પણ વરાડે પડતો આપવાનો રહેશે.

સદર બિલ્ડીગના પાર્કીગની તથા અન્ય કોઈ જગ્યામાં માલીકો સાથે ભેગા મળીને કોઈપણ પ્રકારનું કાચુ કે પાકુ બાંધકામ કરી શકશો નહી કે ગંદકી કરી શકશો નહી તેમજ કોઈને અડચણ થાય તેવી રીતે વાહનનું પાર્કીગ કરવાનું નથી તેમજ પાર્કીગ પ્લેસનો જે કાંઈપણ સાફસુફીનો ખર્ચ થાય તેમજ તેના મેન્ટેનન્સનો જે કાંઈ ખર્ચ થાય તથા જે કાંઈપણ ઈલેકટ્રીક બીલ આવે તેમાં તમો લખી લેનારે સદર બિલ્ડીગના મંડળ કે એસોશીએશનમાં નકકી કરેલા નિતિ-નિયમો પ્રમાણે તમો લખી લેનારના હીસ્સે આવતી રકમ આપવાની રહેશે.

આ મિલકતનું નામ “ANEE ICONIC” રાખેલ છે તે કાયમ રાખવાનું છે તેમાં કોઈ ફેરબદલ કરવાનો નથી. સદરહું મિલકતના વડોદરા મહાનગર સેવાસદનના જે કાંઈપણ ટેક્ષ, વેરોઓ ભરવાના આવશે તે તમો વેચાણ રાખનાર એકતરફવાળાએ ભરવાની છે અને તેમાં અમો લખી આપનારની કોઈપણ જવાબદારી રહેતી નથી.

સદરહું મિલકત આ વેચાણ દસ્તાવેજ આધારે તમો એકતરફવાળા તમારા નામ જોગ સરકારી, અર્ધ-સરકારી કચેરી, વડોદરા મહાનગર સેવા સદન, એમ.જી.વી.સી.એલ. કચેરી, સીટી સર્વે કચેરી વિગેરેમાં તમારા નામ જોગ ટ્રાન્સફર કરાવી લેશો તે અમોને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે. આ કામે જયાં જયાં સહી, કબુલાતની જરૂર હોય તે અમોએ રૂબરૂ જાતે હાજર રહી કરી આપવાની છે, તેની અમો લખી આપનારાઓ ખાત્રી, ભરોસો, વિશ્વાસ લખી આપીએ છીએ અને તે માટે જે કાંઇ ખર્ચ આવે તે તમો એકતરફવાળા ભોગવવાનાં રહેશે.

જત, ખરીદનાર/રાઓને એ બાબતની જાણ કરેલ છે અને તેઓ સ્પષ્ટ રીતે કબુલ થાય છે કે ફ્લેટના અવારનવાર તુટફુટના ખર્ચામાં અંદરની અને બહારની દિવાલો તેમજ RCC સ્ટ્રકચર પર તાપમાનમાં ૨૦° થી વધુ ફેરફાર, નજીકના રોડ તેમજ ભારે ટ્રાફિકને કારણે ભારી વાહનોના લીધે ઉદભવતા ભુકંપનો ને લીધે પડતી તિરાડોને સ્ટ્રકચરલ ખામીઓ ગણી શકાશે નહી અને ખરાબ કામગીરી કે સ્ટ્રચરલ ખામીઓને કારણે નથી.

ખરીદનાર કબજો મેળવ્યાની તારીખથી ફ્લેટને સારી અને સુરક્ષિત સ્થિતિમાં રાખવાની જવાબદારી એલોટીની રહેશે. તેમજ ફ્લેટને સારી અને સુરક્ષિત સ્થિતિમાં રાખવાની જવાબદારી એલોટીની રહેશે. તેમજ ફ્લેટ કે તેના કોઇપણ ભાગ અથવા જયાં ફ્લેટ આવેલ છે, તે ફ્લેટમાં એવા કોઇપણ પ્રકારના ફેરફાર કે સુધારા-વધારા કરશે નહી કે કરાવશે નહી જે નિયમો, નિયંત્રણો કે પેટા-નિયમોની વિરૃધ્ધ હોય અને તેમ કરવું આવશ્યક હોય તો સ્થાનિક સત્તાધિકારીની પરવાનગી વિના કરી શકાશે નહી.

સદર એપાર્ટમેન્ટનો કબજો સોંપ્યા બાદ પાંચ વર્ષના સમયગાળાની અંદર એલોટ એપાર્ટમેન્ટની અંદર અથવા તો બિલ્ડીગ જયાં એપાર્ટમેન્ટ સ્થિત છે તેમાં, કોઇપણ પ્રકારની માળખાકીય ક્ષતિ અથવા કારીગરી, ગુણવતા કે સેવાની જોગવાઇને કારણે ઉદ્ભવેલ ક્ષતિ પ્રમોટરના ધ્યાને લાવે, તેવા સંજોગોમાં, શકય હોઇ ત્યાં પ્રમોટર પોતાને ખર્ચે આવી ક્ષતિ સુધારી આપશે અને જો તે રીતે ક્ષતિપૂર્તિ શકય ન હોય તો એલોટી પ્રમોટર પાસેથી કાયદામાં સૂચવે પદ્ધતિએ વળતર મેળવી શકે છે. જોકે પ્રમોટર ના નિયંત્રણ બહારની હોય તેવી કોઇપણ પ્રકારની માળખાકીય ક્ષતિ અથવા કારીગરી, ગુણવત્તા કે સેવાની જોગવાઇની ક્ષતિ પૂર્તિ માટે પ્રમોટરે જવાબદાર રહેશે નહી.

વિવાદનું નિરાકરણ કોઈપણ વિવાદનો નિકાલ સમાધાનથી લાવવાનો રહેશે. જો સમાધાનથી ઉકેલ ન આવે તેમ હોય તો, રીઅલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ, ૨૦૧૬ના નિયમો અને શરતોની જોગવાઈઓને આધીન રેરા સત્તા સમક્ષ પ્રસ્તુત કરવામાં આવશે.

સદર એપાર્ટમેન્ટની અગાસી / ટેરેસનો વાપર, કોમન જમીન, કોમન પ્લોટ તથા અન્ય તમામ વરાડે પડતી જગ્યા નો વપાર ઉપયોગ કરવાનો હકક **"ANEE ICONIC"** ના તમામ સભાસદોનો સહિયારો રહેશે.

અમો લખી આપનારે તમો લખી લેનારને સદર વેચાણ દસ્તાવેજથી પરીશીષ્ટમાં જણાવેલ મિલકતના અગાસી (ટેરેસ) ના માલીકી હકકો સાથે મિલકત વેચાણ આપેલ છે. સદર ટાવરની અગાસી (ટેરેસ) ની જગ્યાના તમામ હકકો સદર વેચાણ દસ્તાવેજમાં જણાવેલ તમામ સભ્યોના રહેશે. ભવિષ્યમાં સદર ટાવરના અગાસી (ટેરેસ) માં વધારાનું બાંધકામ કરવાની પરવાનગી (એફ.એસ.આઇ.) મળે તો તે બાંધકામ કરવાના તમામ હકકો એપાર્ટમેન્ટના તમામ સભ્યોના રહેશે તથા તે કરેલ મિલકતમાં લીફટ, ગટર લાઈન, ઓવર હેડ તથા અંડર ગ્રાઉન્ડના ભાગે આવેલ પાણીની ટાંકીઓ, પાણી તથા લાઈટ તથા ગેસ કનેકશનની લાઈન અંગે જોડાણ કરવા તથા અન્ય કોઇ કામ અંગેના હકકો તમામ સભ્યોના રહેશે. અને ટેરેસની માલીકી એપાર્ટમેન્ટના તમામ સભ્યોની રહેશે.

<u>સંચાલક કાયદો :</u>

સદર કરારની રૂએ ઉદ્દભવેલ પક્ષકારોના અધિકાર અને ફરજોનું અર્થઘટન અને અમલ ભારત સરકારના જે તે વખતના લાગુ કાયદા કાનુન અનુસાર કરવાનું રહેશે અને ન્યાયક્ષેત્ર વડોદરા ની નામદાર કોંટનું રહેશે.

સદરહું મિલકતના બાનાખતની તારીખ.............. ના રોજ થયેલ રજીસ્ટર્ડ નં.............. ના બાનાખતમાં જણાવેલ શરતો, જોગવાઈઓ કે નિયમો કેન્દ્ર/રાજય સરકારના કોઇ કાયદા અગર કોઈ કોર્ટ / કચેરીના હુકમો મુજબ અયોગ્ય અગર બિનઅસરકારક હોવાનું ફલીત થાય તો તે સંજોગોમાં તેવી શરત/જોગવાઇ કે નિયમોમાં સુધારો કરવાનો રહેશે અગર તે રદ કરવાનો રહેશે તેમજ તેના બદલે કાયદા મુજબ જો કોઇ સુધારો કરવાનો રહેશે અગર તે રદ કરવાનો રહેશે તેમજ તેના બદલે કાયદા મુજબ જો કોઇ નવી શરત, જોગવાઇ કે નિયમોનો ઉમેરો કરવામાં આવે તો તે

બંને પક્ષકારોને બંધનકર્તા રહેશે તેમ જેઆ મુજબના કારણોસર આ બાનાખત કરારની અન્ય શરતો, જોગવાઇઓ કે નિયમોને કોઇપણ જાતની અસર થશે નહિ અને તેનો અમલ જારી રહેશે.

વિવાદનું નિરાકરણ કોઈપણ વિવાદનો નિકાલ સમાધાનથી લાવવાનો રહેશે. જો સમાધાનથી ઉકેલ ન આવે તેમ હોય તો, રીઅલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ, ૨૦૧૬ના નિયમો અને શરતોની જોગવાઇઓને આધીન રેરા સત્તા સમક્ષ પ્રસ્તુત કરવામાં આવશે.

કરાર રદ કરવા બાબત : (Severability)

આ કરારની કોઇપણ જોગવાઇ, ઉકત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનીમયો હેઠળ અથવા લાગુ પાડવાપાત્ર અન્ય કાયાદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નકકી કરવામાં આવે તો આવી જોગવાઇઓ આ કરારના હેતુ સાથે અસંગત હોય તેટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ધરવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય, તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે અને આ કરારની બાકીની જોગવાઇઓ આ કરારના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

પ્રમોટર આથી જાહેર કરે છે કે રજાચિઠ્ઠી તથા મંજુર થયેલ નકશા મુજબ એફ.એસ.આઇ. પ્રમોટર દ્વારા વાપરવામાં આવેલ છે, તથા ભવિષ્યમાં મળવાપાત્ર એફ.એસ.આઇ. ફકત ઉકત પરિયોજનાના સંયુકત સભાસદો (એસોસીએશન ઓફ અલોટી) ની માલીકી રહેશે.

બિલ્ડીંગ વપરાશ પ્રમાણપત્ર (B.U.C.) આવ્યા પછી એફ.એસ.આઇ., વધારાની એફ.એસ.આઇ. તથા ધાબા (અગાસી) ઉપર પ્રમોટરનો કોઇ હકક હિસ્સો રહેશે નહિ. અગર હકક આવે તો એસોસીએશન ઓફ એલોટીને મળી જશે.

સદર યોજનાનું The Real Estate (Regulation and Development) Act, 2016 મુજબ નિયમનકારી સત્તા મંડળ સમક્ષ નોંધણી કરાવેલ છે. જેનો રજીસ્ટ્રેશન નં......................................................, તા. .................... ના રોજ આપવામાં આવેલ છે. જેની નકલ આ સાથે એનેક્ષર-એ માં જોડવામાં આવેલ છે.

આ વેચાણ દસ્તાવેજની ડ્રાફ્ટીગની વકીલ ફી, સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી વિગેરે તમો લખી લેનાર એકતરફવાળાએ ચુકવવાના છે.

ઉપરોક્ત પરીશિષ્ટ વાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારાઓએ - તમો લખી લેનાર એકતરફવાળા પાસેથી ઉપર મુજબનો વેચાણ અવેજ સ્વીકારીને, અમારી રાજીખુશીથી, સ્વેચ્છાએ વાંચી, વંચાવી, સમજી, વિચારી, વાકેફ થઇને અકકલ હોંશીયારીથી બિનકેફ હાલતમાં, કોઇના કોઇપણ જાતના દાબ દબાણ કે ધાક ધમકી વગર સાક્ષીઓની રૂબરૂમાં લખી આપેલો છે, જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો સર્વેને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

તા.

સ્થળ : વડોદરા.

અત્રે ........................................... મતુ  અત્રે .................................. શાખ

<u>વેચાણ આપનાર / લખી આપનાર-જમીન માલિકો / બીજીતરફવાળા:</u>

૧. ..................................

૨. ..................................

.................................................

(શ્રી મનોજભાઇ પ્રેમજીભાઇ પ્રજાપતિ)

<u>સંમતી આપનાર-ડેવલોપર્સ/ ત્રીજીતરફવાળાઓ:</u>
શ્રી સાંઇ ડેવલોપર્સ એ નામની ભાગીદારી
પેઢી વતી અને તર્ફે વહીવટકર્તા ભાગીદાર-
અરૂણાબેન મહેન્દ્રભાઇ પરમાર

......................................

(અરૂણાબેન મહેન્દ્રભાઇ પરમાર)

<u>વેચાણ રાખનાર/લખાવી લેનાર/એકતરફવાળા:</u>

.......................................................

: વેચાણ આપેલ મિલકતનો ફોટોગ્રાફસ :

| | | |
|---|---|---|
| વેચાણ આપેલ મિલકતનુ પોષ્ટલ સરનામુ : | ફલે/દુકાન/ઓફીસ નં..............., ..........ફલોર, "ANEE ICONIC", હરણી, વડોદરા, ગુજરાત. | વેચાણ આપનાર તથા વેચાણ લેનાર ની સહી |
| વેચાણ આપનાર-જમીન માલિકો - બીજી તરફવાળાઓ નુ નામ : | શ્રી મનોજભાઇ પ્રેમજીભાઇ પ્રજાપતિ | |
| સંમતી આપનાર-ડેવલોપર્સ/ ત્રીજીતરફવાળાઓ | શ્રી સાંઇ ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢી વતી અને તર્ફે વહીવટકર્તા ભાગીદાર-અરૂણાબેન મહેન્દ્રભાઇ પરમાર | |
| વેચાણલેનાર/એકતરફવાળા નુ નામ : | | |